11/3

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

(નાણા વિભાગ)


ગુજરાત સરકાર
Govt of Gujarat

"વીમા અને લેખા ભવન"
બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,
જુના સચિવાલય, એમ.એલ.એ.ક્વાટર્સની સામે,
સેક્ટર-૧૦/બી, ગાંધીનગર (ગુજરાત)- ૩૮૨૦૧૦

(તિજોરી નિયંત્રણ શાખા)
(૦૭૯) ૨૩૨૫૪૪૪૦ (સંયુક્ત નિયામક)
(૦૭૯)૨૩૨૫૪૪૧૧ (નાયબ નિયામક)
(૦૭૯)૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
(૦૭૯)૨૩૨૫૪૯૯૪ (ટી.સી. બ્રાંચ)

E-mail address:supt-tc-dat@gujarat.gov.in


હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/જનરલ/૨૦૨૬/ 439 to 72 તા. 12 / 03 /2026

પ્રતિ,

શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,

પેન્શન ચુકવણા / જિલ્લા તિજોરી કચેરીઓ – તમામ.

વિષય: પેન્શનમાં મુળ નામ (શબ્દ) પછી જોડાયેલ માનવાચક પ્રત્યયો બાબત.

શ્રીમાન/મહોદયા,

ઉક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, અત્રેની કચેરીને પેન્શનરો તરફથી મળતી રજુઆતો તેમજ તાબાની જિલ્લા તિજોરી કચેરીઓ/પેન્શન ચુકવણા કચેરીઓ દ્વારા માંગવામાં આવતા માર્ગદર્શનનાં અનુસંધાને ધ્યાન દોરવાનું થાય છે કે, પેન્શનર/કુટુંબ પેન્શનરના પી.પી.ઓ. બુકમાં દર્શાવેલ નામ અને તેઓ દ્વારા રજૂ કરવામાં આવતા આધાર-પુરાવાઓમાં જો માત્ર માનવાચક પ્રત્યયો જેવા કે "ભાઈ", "કુમાર", "દાસ", "લાલ", "બેન" વગેરે બાબતે જ તફાવત હોય, તો તેવા કિસ્સામાં પી.પી.ઓ. બુકમાં દર્શાવેલ વ્યક્તિ તથા આધાર-પુરાવામાં દર્શાવેલ વ્યક્તિ એક જ હોવા અંગેની બાંહેધરી મેળવી જરૂરી ચકાસણી કર્યા બાદ ચુકવણું કરવામાં વાંધાસરખું નથી.

આ ઉપરાંત, ગુજરાત તિજોરી નિયમ-૨૦૦૦નાં નિયમ-૨૫૭(૧) મુજબ યોગ્ય વ્યક્તિને જ ચુકવણું થઈ રહ્યું હોવાની ખાતરી કરવામાં આવે અને જરૂરી ચકાસણી પૂર્ણ થાય, તો આવા કિસ્સાઓમાં નિયમોનુસાર ચુકવણાં અંગેની કાર્યવાહી કરવી.

વધુમાં નોંધનીય છે કે પી.પી.ઓ. બુકમાં નામ સુધારવાની તથા અન્ય દસ્તાવેજોમાં નામ સુધારવાની પ્રક્રિયા ખુબજ જટિલ અને સમય માંગીલે તેવી હોય છે. પરિણામે પેન્શનરો/કુટુંબ પેન્શનરોને અનાવશ્યક હાલાકીનો સામનો કરવો પડે છે તથા સુધારો ન થાય ત્યાં સુધી પેન્શન/કુટુંબ પેન્શનથી વંચિત રહેવાની સ્થિતિ ઊભી થાય છે.



આથી, ઉપરોક્ત પરિસ્થિતિ ધ્યાને લઈ જો પી.પી.ઓ. બુકમાં દર્શાવેલ નામ અને આધાર-પુરાવાઓમાં દર્શાવેલ નામ વચ્ચે માત્ર "માનવાચક પ્રત્યયો" બાબતે જ વિસંગતતા હોય, તો ગુજરાત તિજોરી નિયમ-૨૦૦૦નાં નિયમ-૨૫૭(૧) મુજબ જરૂરી ચકાસણી કરી અને આવશ્યક બાંહેધરી મેળવી પેન્શનર/કુટુંબ પેન્શનર/વારસદારને ચુકવણું કરવાનું રહેશે. જેથી ચુકવણામાં થતો વિલંબ ટાળી સમયસર ચુકવણું સુનિશ્ચિત કરી શકાય.

નોંધ પર નિયામકશ્રીની મંજુરી મેળવેલ છે.

(આર. ડી. ખુંટી)
સંયુક્ત નિયામક
તિજોરી નિયંત્રણ